Volume-04
Issue-03
March-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# પ્રાચીન અને આધુનિક અર્થવ્યવસ્થા - એક તુલનાત્મક અધ્યયન

પ્રિયંકા વી. ચૌહાણ

નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ, આર્ટસ કોલેજ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યનાગર, આણંદ

ભારતીય સંસ્કૃતિમાં મુખ્ય ચાર પુરુષાર્થ બતાવવામાં આવ્યા છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે કે તેમાં અર્થને કયારેય હલકો મનાયો નથી. બાકી, અન્ય પાશ્ચાત્ય સંસ્કૃતિની વાત કરીએ તો તેમાં એક વાકય છે કે "સોયના કાણામાંથી ઊંટ પસાર થઇ જાય તોપણ શ્રીમંતને કદાપિ સ્વર્ગ ન મળે. " (બાઇબલ). જયારે ભારતીય સંસ્કૃતિમાં તો રાજા જનક જેવા કેટલાય શ્રીમંત રાજાઓ થઇ ગયાં કે જેઓ મોક્ષપદને પામ્યા હતા. આવી જ રીતે પ્રસિદ્ધ સુભાષિતમાં પણ કહ્યુ છે કે

"विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम
पात्रत्वाद् धनमाप्नोति धनात्धर्मः ततः सुखम्।।

આમ, ધનથી જ માણસ ધર્મ કાર્ય કરી શકે છે અને તેના દ્વારાજ માણસ સુખને પામી શકે છે માટે જ પ્રાચીન અર્થશાસ્ત્રના રચિયતા આચાર્ય કૌટિલ્યના મતમુજબ અર્થશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે છે.

"જેની ઊપર માણસો વસે છે તે પૃથ્વી અને તે પૃથ્વીના લાભ અને પાલન માટેના ઉપાયોનું શાસ્ત્ર તે અર્થશાસ્ત્ર" એટલે કે મનુષ્યને કઇ રીતે સારી આવકની પ્રાપ્તિ થાય અને તે આવકની સુરક્ષા કઇ રીતે થઇ શકે તેનું સંપૂર્ણ વ્યાખ્યાન જેમાં કરવામાં આવ્યું છે તે અર્થશાસ્ત્ર.

આચાર્ય ચાણકયની અર્થવ્યવસ્થા ખૂબ જ ઉત્કૃષ્ટ હતી. પ્રાચીન અર્થવ્યવસ્થામાં આવકનું મુખ્ય સાધન ભૂમિકર હતુ એટલે કે આવકના છઠ્ઠા ભાગને કર એટલે ટેક્ષ રૂપે વસૂલ કરવામાં આવતો હતો અને જે લોકો કરચોરી કરતા હતાં તેમના અપરાધ માટે દંડવ્યવસ્થા હતી. જયારે આજની આધુનિક અર્થવ્યવસ્થામાં સામાન્ય લોકો કરચોરી કરતા હોય તેમના અપરાધ માટે દંડવ્યવસ્થા છે પરંતુ આજની આધુનિક અર્થવ્યવસ્થામાં સામાન્ય લોકો કર ચૂકવતા હોય છે. જયારે ઘણાં શ્રીમંત કરચોરી કરી નીકળી જતાં હોય છે તેમને દંડ પણ થતો હોતો નથી. આવા કાર્ય કરનાર માટે સજાનું કોઇ પ્રાવધન નથી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અર્થવ્યવસ્થા એ રીતે નકકી કરવામાં આવી હતી કે બેકારીનો પ્રશ્ન જ રહેતો ન હતો. જેમકે, શ્રીમદ ભગવદગીતાના વચન અનુસાર "चातुर्वर्णयं मयासृष्टं गुणकर्मविभागसः। આમ, ચારેય વર્ણ પોત-પોતાનાં ગુણધર્મ પ્રમાણેજ કાર્ય કરતાં હતા. જેમકે, બ્રાહ્મણનો પુત્ર હોય તો તે ફરજિયાત અધ્યયન, અધ્યાપન જેવું કર્મ કરતો હતો. તેવી જ રીતે ક્ષત્રિય હોય તો પ્રજાનું રક્ષણ જયારે વૈશ્ય એટલે વણિકવર્ગ, પશુપાલન, વ્યાપાર ઇત્યાદિ કર્મ કરતા હતાં અને શુદ્રવર્ણ ઉપરના ત્રણેય વર્ણોને જીવન-જરૂરિયાતની વસ્તુ પૂરી પાડીસેવાનું કાર્ય કરતા હતાં. આમ, વર્ણ વ્યવસ્થાથી આર્થિક વ્યવસ્થા પણ સુંદર રીતે જળવાઇ રહેતી હતી. જેના લીધે આજ ની સમાજ વ્યવસ્થાની જેમ કોઇ પણ વર્ગ ને નોકરી ની શોધવા ની જરૂર પડતી ન હતી. ત્યારબાદ કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં ખેતી અને પશુપાલન ને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું હતુ. માટે જ પ્રાચીનકાળમાં ખેતીને સૌથી ઉત્કૃષ્ટ ગણવામાં આવતી હતી. પણ અત્યારના આધુનિક જમાનામાં ખેતીના કાર્યો નિમ્ન ગણવામાં આવે છે તેમજ વેપાર, ઔદ્યોગિક વિકાસ તરીકે ગણવામાં આવે છે. કૌટિલ્યની પ્રાચીન વ્યવસ્થામાં લોકોની જમીન ખાલસા કરી લેવામાં આવતી અને યોગ્ય ખેડૂત હોય કે જેની જોડે જમીન ન હોય તેવા લોકોને જમીન આપવામાં આવતી હતી. આનાથી સુંદર વ્યવસ્થા જળવાઇ રહેતી હતી. આજના યુગમાં જોઇએ તો ઔદ્યોગિકીકરણને ખૂબજ મહત્વ આપવામાં આવ્યું છે અને ખેતીલાયક જમીન તથા વૃક્ષોનું નિકંદન કાઢીને ત્યાં નવાં-નવાં ઉદ્યોગો પ્રતિદિન નવીન રૂપે સ્થાપવામાં આવે છે. પરિણામ સ્વરૂપ પરિસ્થિતિ એવી બની છે કે વૃક્ષો વગર વરસાદ આવતો નથી વરસાદ ન આવવાથી પ્રાકૃતિક સંતુલન ખોરવાયુ છે જેના સ્વરૂપે બેકારી વધી છે. પ્રાચીન અર્થવ્યવસ્થામાં રાજા પણ પ્રજાના સુખમાં જ પોતાનું સુખ જોતો હતો જેમકે,

'प्रजाप्रियं सुखं राज्ञः प्रजानां च हिते हितम्।
नात्मप्रियं हितं राज्ञः प्रजानां तु प्रियं हितम्।।'

આમ, પ્રજાનું સુખજ રાજા માટે પ્રથમ અનિવાર્ય કર્તવ્ય ગણવામાં આવતું હતું જેમકે રામાયણમાં પ્રભુશ્રી રામે સીતા માતાનો ત્યાગ કર્યા જેનું કારણ પણ આજ હતું રહસ્ય પથ તે

RRIJM 2015, All Rights Reserved

વખતે રામે પોતાની પત્નીનો ત્યાગ કર્યો ન હતો, પણ એક રાજા તરીકે પ્રજાના સુખ માટે પ્રજાના સમાધાન માટે તેમજ રાજય વ્યવસ્થા જળવાઇ રહે તે માટે એક રાજા તરીકે મહારાણી સીતાનો ત્યાગ કર્યો હતો. વ્યકિતગત રીતે જો પત્નીનો ત્યાગ કર્યો હોત તો યજ્ઞ સમયે બીજા વિવાહ કરી શકતા પરંતુ તેમણે એમ કર્યું ન હતું પરંતુ આધુનિક જમાનામાં જોઇએ તો આધુનિક રાજાઓ પોતાનું સુખ પહેલા જોતા હોય છે અને ત્યારબાદ પ્રજાનું સુખ જોતા હોય છે. માટે રાજા અને પ્રજા વચ્ચે આધુનિક કાળમાં ઐકય જળવાતું નથી. જયારે દેશનો વિકાસ, દેશની અર્થવ્યવસ્થા ત્યારે જ જળવાઇ રહે જયારે રાજા પ્રજાપરાયણ, અને પ્રજા રાજાપરાયણ હોય તો જ ઉત્કૃષ્ટ અર્થવ્યવસ્થા જળવાઇ રહે. પ્રાચીન અર્થવ્યવસ્થામાં કર એટલે કે ટેક્ષ રાખવાની પદ્ધતિ પણ એટલી સારી હતી કે તે એક નિશ્ચિત વ્યવસ્થા હતી. તે સમયે કરના દરોમાં ગમે ત્યારે ઇચ્છા મુજબ વધારો. ઘટાડો કરી શકાતો ન હતો અને યોગ્ય માત્રમાં જ કર લેવામાં આવતો હતો. તેના પ્રતિપાદ રૂપે આચાર્ય ચાણકય નું દ્રષ્ટાંત છે કે "જેમ એક માળી બગીચામાથી કાચાં ફળોને છોડી માત્ર પાકા ફળોને જ તોડે છે તેવી રીતે ટેક્ષ આપનારની શકિત પ્રમાણેજ તેની પાસેથી ટેક્ષ લેવો જોઇએ પણ આજના જમાનામાં જોઇએ તો ટેક્ષ મૂલ્ય સરકારની ઇચ્છા મુજબ વધઘટ થયાં કરે છે અને તેનાથી જે સામાન્ય વર્ગના લોકો છે તે લોકોને ખૂબ જ મુશ્કેલી પડે છે અને તે લોકો ટેક્ષ ચૂકવી શકતા નથી પરિણામે ઘણીવાર પૈસાની અછતના લીધે આપઘાત પણ કરી લેતા હોય છે. આજથી થોડા સમય પૂર્વે જે જીવનજરૂરિયાત વસ્તુના અને ઘરવેરે, પાણીવેરો, કરવેરાના જે મૂલ્ય હતા તે અત્યારના સમયમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે કે પ્રાચિન કર વ્યવસ્તામાં કર લેવાનો મુખ્ય ઉદ્દેશ પ્રજાના રક્ષણ માટે જ હતો. કેમકે રાજકીય આવક અર્થવ્યવસ્થામાંથી જ પ્રાપ્ત થતી હતી. માટે જેમ સુર્ય પૃથ્વી પાસેથી ધીરે-ધીરે જળ ગ્રહણ કરી પૃથ્વીને જ વર્ષા રૂપે પાછું આપે છે તે રીતે પ્રજા પાસેથી યોગ્ય કર લઇ તેમના પ્રજાના જ લાભ માટે તે કરનો ઉપયોગ કરવામાં આવતો હતો.

ત્યારબાદ કૌટિલ્યના અર્થશાસ્ત્રનો દ્રષ્ટિકોણ એ હતો કે અર્થનીતિ ધર્મનીતિ સાથે જોડાયેલી છે માટે રાષ્ટ્ર ઉત્થાન માટે ચરિત્ર ઉપર ધ્યાન આપવું એ પણ અર્થશાસ્ત્રનો જ એક ભાગ ગણવામાં આવતો હતો.

"नीतिशास्त्रामृतं श्रीमानर्थशास्त्रमहोदधेः।
यः समुद्धध्रे नमस्तस्मै विष्णुगुप्ताय वेधसे।।" (नीतिसार 4.57)

તદ્ઉપરાંત "अर्थमूलौ हि धर्मकामाविति"

આમ અર્થશાસ્ત્રના પાયામાં ધર્મ અને કામ રહેલા છે. માટે જ પ્રાચીન અર્થશાસ્ત્રમાં વ્યકિતના નૈતિક મૂલ્યો તેમજ તેના ચારિત્ર્યનું પણ ખૂબજ ધ્યાન રાખવામાં આવતું. આમ પ્રાચીન અર્થવ્યવસ્થા પ્રમાણે ધર્મથી વિરુદ્ધ જઇ ધન પ્રાપ્તિ કરવાનો સમાજ માં હેતુ નહતો. જયારે અત્યારના સમયમાં વિરોધાભાસ જોવા મળે છે અને લોકો અધર્મથી અયોગ્ય રીતે ધનનું પુષ્કળ પ્રમાણમાં અર્જન કરતાં જોવા મળે છે. સુભાષિત ગ્રંથોમાં પણ કહ્યું છે કે

"अन्यायोपार्जितं वित्तं दशवर्षाणि तिष्ठति।
प्राप्ते चौकादशे वर्षे समूलं च विनश्यति।।" (सुभाषितभाण्डागार)

પ્રાચિનકાળમાં દંડનીતિને પણ અર્થશાસ્ત્રનોજ એક ભાગ ગણવામાં આવતો હતો. જેમકે-

"दण्डेन नीयते चेयं दण्डं नयति चाप्युत।
दण्डनीतिरिति प्रोक्ता त्रीलोकाननुवर्तते।।"

આ પ્રાચીન અર્થશાસ્ત્રના જાણકારો દંડને જ અર્થનો એક ભાગ ગણતા હતાં કારણ કે લોકો દંડના ભયથી જ ન્યાયનું અનુસરણ કરતાં હતા. અને જો રાજસત્તા અપરાધીઓને દંડ ન આપે તો સમાજમાં માત્સ્યન્યાય પ્રવર્તે છે એટલે કે મોટી માછલી જેમ નાની માછલીને ખાય તેવી રીતે શકિતશાળી શકિતહીનને દબાવે છે અત્યારના સમયમાં જોવા મળે છે. માટે જ મનુસ્મૃતિ પ્રમાણે પણ "बालवृद्धातुरपति द्विजस्त्री विधवा यतः। मात्सस्यन्यायेन भक्ष्येत्स यदि दण्ड न पातयेत्।" (22.9) આવી રીતે એટલી ઉત્કૃષ્ટ દંડનીતિ પ્રાચીનકાળમાં હતી કે જો રાજા પણ ગુનાહિત કાર્ય કરે તો તેમના માટે પણ સજાની વ્યાવસ્થા હતી જે આજના કાળમાં શકય દેખાતુ નથી. પ્રાચિનકાળમાં રાજા અશ્વમેધ યજ્ઞના અભિષેક વખતે अदण्डयोडस्मि, अदण्डयोडस्मि, अदण्डयोडस्मि એમ બોલે છે ત્યારે રાજાની ઉપર પણ એક અષ્ટઋષિ મંડળ હોય છે જે धर्मदण्डयोडसि, धर्मदण्डयोडसि, धर्मदण्डयोडसि એમ ત્રણવાર બોલે છે. જેના પ્રમાણે રાજા પણ સજાના દંડમાંથી બચતો નથી તેમને પણ સામાન્ય લોકો જેટલી શિક્ષા કરવામાં આવતી હતી માટે જો આધુનિક જમાનામાં પણ અર્થવ્યવસ્થાને સુંદર અને યોગ્ય બનાવવી હોય તો યોગ્ય દંડનીતિ બનવી જોઇએ. અને તેનું યોગ્ય પાલન થવું જોઇએ. પ્રાચીન સમયમાં કામશાસ્ત્રને પણ અર્થનું મૂળ ગણવામાં આવતુ હતું. ગીતામાં પણ કહ્યુ છે કે-

"धर्मोडविरुद्धभूतेषु कामोडस्मि भरतर्षभ" (श्रीमद् भगवद् गीता)

આજ શ્રીમદભગવદગીતા પ્રમાણે ધર્મથી અવિરુદ્ધ કામ એ ભગવાનનું જ સ્વરૂપ છે માટે એવા શુદ્ધ કામને જો યોગ્ય

રીતે ઉપયોગમાં ન લેવામાં આવે તો તેનાથી અર્થવ્યવસ્થા ભણવાના સમયમાંજ અલગ-અલગ વિષયોમાં પરોવાયેલી દેખાય છે પરિણામે તે વિદ્યાર્થી રહેતો નથી પણ ભોગાર્થી બની જાય છે અને યોગ્ય સમયે વિદ્યાનું અર્જન ન કર્યું હોવાથી જયારે કમાવાની ઉંમર આવે છે ત્યારે તે યોગ્ય ધન પણ અર્જિત કરી શકતો નથી કારણ કે તેણે વિદ્યાર્થીકાળમાં વિદ્યાનું ગ્રહણ કર્યું હોતું નથી. આમ આચાર્ય ચાણકયના મતે કામ એ અર્થનું મૂળ છે તે સિદ્ધાંત અહીંયા યોગ્ય રીતે દ્રષ્ટિગોચર થાય છે. માટે જ પ્રાચીન કાળમાં આશ્રમ વ્યવસ્થા હતી. જેમકે પ્રથમ પચ્ચીસ વર્ષ સુધીનો સમયગાળો બ્રહ્મચર્યાશ્રમ તરીકે ગણવામાં આવતો હતો તે સમયે વિદ્યાર્થી આશ્રમમાં રહીને દરેક સુખોનો ત્યાગ કરીને માત્ર વિદ્યા ગ્રહણ કરતો હતો. અને તેથી જ ધર્મ અને કામ બેનેનું સંતુલન જળવાઇ રહેતું હતું જેના કારણે ખૂબજ ઉત્કૃષ્ટ ધન મેળવી તે કાળમાં માણસ ધન દ્વારા ધર્મકાર્ય કરી સુખ ભોગવતો હતો. માટે જ કહેવાય છે કે-

" एतत्देशप्रसूतस्य सकाशादग्रजन्मनः

स्वं स्वं चरित्रं शिक्षेरन पृथिव्यां सर्वमानवाः।।"

અંતમાં સાર તરીકે જોઇએ તો આધુનિક અર્થવ્યવસ્થાને સુદ્રઢ અને સુચારું બનાવવી હશે, ભારતને ફરીથી વિશ્વગુરુ બનાવવું હશે તો પ્રાચીન અર્થવ્યવસ્થાના સિદ્ધાંતો ધ્યાનમાં રાખી તેનો યોગ્ય રીતે અમલ કરવો પડશે જેના થકી

જહાઁ ડાલ ડાલ પર સોને કી ચિડિયાઁ કરતી હૈ બસેરા વો ભારત દેશ હે મેરા...

ગીતની પંકિતને સાચા અર્થમાં હકીકત બનાવી શકીશું.

"**धर्मस्य मूलं अर्थः अर्थस्य मूलं राज्यं**

**राज्यस्य मूलं इन्द्रियनिग्रहः इन्द्रियनिग्रहस्य मूलं वृद्धोपसेवा।**" (ચાણકય નીતિ)

ઉપરોકત સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ધર્મનું મૂળ અર્થ, અર્થનું મૂળ રાજય, રાજયનું મૂળ ઇન્દ્રિયોને સંયમમાં રાખવી, અને ઇન્દ્રિયનિગ્રહનું મૂળ વડીલોની સેવા કરવી તે છે. આમ વડીલોની સેવા એ નૈતિક કર્તવ્ય છે.

આમ, નૈતિક મૂલ્યોનું રક્ષણ કરવું વડીલોની સેવા કરવી એ પણ અર્થવ્યવસ્થાનો જ ભાગ છે. કારણ કે તેનાથી ઇન્દ્રિયનિગ્રહ થશે અને ઇન્દ્રિયનિગ્રહથી રાજય અને સુચારુ રાજયને અર્થ (ધન) મળશે અને અર્થ હશે તો જ ધર્મકાર્ય પણ યોગ્ય હેતુસર, યોગ્ય દિશામાં આગળ વધશે. તેમજ ધર્મકાર્ય સારી રીતે કરી શકાશે.

RRIJM 2015, All Rights Reserved